# બાપાની બળતરા ‘ને કૂતરાની કરમપીડા’

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા





“કૂતરું ફળિયામાં ઘૂસી જાય ત્યારે લાકડી નથી જડતી અને લાકડી હાથવગી હોય ત્યારે કૂતરું નથી જડતું!’આ યુગો જુની સમસ્યા છે અને તેનો ઉકેલ નજીકના ભવિષ્યમાં દેખાતો નથી. જો કે આ સમસ્યા પહેલાના સમયમાં ખાસ કરીને ગામડામાં જોવા મળતી. શહેરમાં તો કૂતરું અને લાકડી બેઉ સમાય એવા ફળિયા જ ક્યાં છે! શહેરના ફળિયા કરતા તો ગામડાના દાદાના ફાળિયા (માથે બાંધવાની નાની પાઘડી) મોટા હોય છે. અહીં ફળિયુ એટલે ‘મકાનના બંધ દરવાજાની અંદર રહેલો ખુલ્લો ભાગ.’ની વાત છે. આપણા દક્ષિણ ગુજરાતના ગામડામાં જેમ ‘ફલાણું ફળિયું’અને ‘ઢીંકણું ફળિયું’હોય છે એવા ફળીયાની(મહોલ્લા) નહીં.

પહેલાના જમાનામાં ગામડામાં ઘરના ડેલી, દરવાજા એકદમ ચુસ્ત રીતે પેક નહોતા. બારણામાં આજુબાજુમાંથી, નીચેથી કૂતરું ઘૂસી શકે એટલી જગ્યા રહેતી. ઘણીવાર જુના બારણાં, દરવાજા નીચેથી તૂટી ગયા હોય એટલે કૂતરા ધરતી માતાને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા કરતા ત્યાંથી પણ પ્રવેશતા. આજે તો ઘરમાં વગર પૂછ્યે પોતાના બાપુજી પણ નથી ઘૂસી શકતા. તેમણે પણ અગાઉથી ફોન કરવો પડે છે. એમાં કૂતરા તો ક્યાંથી ઘૂસે.

અમુક કૂતરા એવા હોય છે કે તેને ચૂપચાપ કોઈના ફળિયામાં ઘૂસી જવામાં ઘણો આનંદ આવે છે. તેમાં તેનો કોઈ બદઈરાદો હોતો નથી. તે રસોડામાંથી રોટલા તાણી જવા માટે આવતું ય નથી,પણ આ તો એમના શ્વાનસમાજની એક સમૃદ્ધ પરંપરા ટકાવી રાખવાનો તેમનો સંનિષ્ઠ પ્રયાસ હોય છે,એટલે તે પ્રેક્ટિસ ખાતર ફળિયામાં ઘૂસે છે. બાકી તો કૂતરાને ય ખબર હોય કે ફળિયામાં બડિયા હોય જ! પણ જેમ પાણીમાં મગર હોવાથી માછલી તરવાનું છોડી દેતી નથી. એ જ રીતે ફળિયામાં બડિયા હોવાથી કૂતરું ઘૂસવાનું છોડી દેતું નથી. નહીં તો પછી એ ઘૂસણખોરીની કળા નાશ પામે અને હૈયામાં હિંમત હવાઈ જાય. જેમ કાચ હોય ત્યાં પથરો હોય, સાપ હોય ત્યાં નોળિયો હોય. એમ ફળિયામાં ઘૂસનારું કૂતરુંહોય તો ત્યાં વળી લાકડી લઈને બેઠેલા બાપા ય હોય. ઉત્ક્રાંતિના તજજ્ઞો માટે પણ આ બાબત એક કોયડો બનીને ઊભી છે કે ભગવાને પહેલા આવા કૂતરાનું સર્જન કર્યું કે લાકડીવાળા બાપાનું! જોકે આવા પ્રશ્નો થર્ડ પાર્ટીને થાય. બાકી કૂતરાને કે બાપાને એકેયને થતા નથી. એમને તો બસ એ ભલા ને એમનું કામ ભલું.

કૂતરું ક્યારેક ક્યારેક ફળિયામાં ઘૂસી જતું હોય છે પણ ફળિયામાં બધાને કૂતરા સામે વાંધો હોતો નથી. સરેરાશ બે ત્રણ ફળિયાદીઠ એકાદ બાપા એવા પ્રાપ્ત થાય જ કે જેને આવા કૂતરા સામે સખત વાંધો હોય. જો કે કૂતરાને કેટલીક વાર જરાય વાંધો હોતો નથી. કેટલાક ઘરના દરવાજે બોર્ડ માર્યું હોય કે ‘કુતરાથી સાવધાન’પણ જીવદયાના ધોરણે શ્વાનહિતમાં ઘરના દરવાજે એવા બોર્ડ મૂકવામાં આવતા નથી કે ‘બાપાથી સાવધાન’દરવાજે બોર્ડ મૂકવા છતાં માણસને આવી બાબતોનો જલ્દી ખ્યાલ આવતો નથી. જ્યારે વિના બોર્ડે પણ કૂતરા તો સાવધાન જ હોય. કારણ કે એમને તો પેલું સરકારી સૂત્ર રમતું મૂકવામાં આવ્યું તે પહેલાંની ખબર છે કે ‘સાવધાની હટી, દુર્ઘટના ઘટી’આ રીતે ફળિયામાં ઘૂસી આવતા કૂતરાને ફેરવીને બે’ક લાકડી આંટી દેવાના વરસોથી બાપાના મનોરથ હોય છે. અને એ મનોરથ પૂરા કરવા તેઓશ્રી ઘણી મથામણ કરતા હોય છે. પણ કૂતરું કોઈ રીતે મનોરથ પૂરા કરવામાં સહકાર આપતું નથી અને આપણે સૌ જાણીએ છીએ કે ‘વિના સહકાર નહિ ઉદ્ધાર!’પણ અફસોસ કે કૂતરું આ જાણતું નથી. મામલો એવો પેચીદો છે કે આમાં બાપા ‘કૂતરાની કરમપીડા’છે કે કૂતરું બાપાની કરમપીડા છે!’તે સમજાતું નથી.

2 બાપા કાયમ મનમાં વિચારતા હોય કે એકવાર આને એવું આંટી દેવું છે કે તેની સાત પેઢી આ ફળિયા સામે ન જુએ. તો શું તમે એવું માનો છો કે કૂતરું કાંઈ નહીં વિચારતું હોય! અરે કૂતરું ય વિચારતું હોય કે ‘સાપ મરે પણ લાઠી ન ભાંગે’એ જ રીતે ‘બાપા મરે પણ લાઠી ન વાગે’એ રીતે એકાંતરા આ ફળિયામાં આંટો મારવો છે.

આમ તો બાપા ઉનાળાની બપોર વચ્ચે ગામના ચોરાના ચોકમાં, લીમડાના ઘેઘૂર છાંયડે ખાટલો ઢાળીને સુતા હોય. પણ બપોર વચ્ચે કૂતરાને ફળિયામાં આવતું છંડવી દેવા માટે બાપા લીમડાના શીતળ છાંયડે રહેલો ખાટલો ત્યજી ઘેર આવી, ફળિયામાં માંડવા નીચે ખૂણામાં રાખેલી ખાટલીમાં પડતપો સહન કરતા લપાઈને સૂએ. પણ કૂતરું ખેલાડી હોય. આમ જુઓ તો મીંદડા જન્મજાત ખેલાડી હોય છે કુતરા નહીં! પણ જ્યાં આવા બાજીગર બાપા વસતા હોય ત્યાં કાળક્રમે કૂતરાઓ પણ કુશળ થઈ જતા હોય છે. એટલે કાર્યક્રમ કઈ રીતે આગળ વધારવો તેની આવડત કુતરામાં પણ ભરપૂર હોય છે. બાપા ચોરે ખાટલો મૂકીને ઘરમાં માંડવા નીચે ખાટલીમાં ટૂંટીયું વાળીને, કૂતરાનો પ્રત્યે કાળઝાળ બનીને પડ્યા હોય ત્યારે કૂતરું ચોરાના ચોકમાં લીમડાના છાંયે બાપાના ખાટલે જમાવે. એય ને ટેસથી સૂઈ જાય. મજાનો ખાટલો, ઉપર લીમડાનો શીતળ છાંયો. કોઈ સૂવે તો ય શેર લોહી ચડે! આવા શીતળ છાંયડે કૂતરું ટાઢે કોઠે ખાટલા પર સૂઈ જાય અને પેલી બાજુ બાપાનો મગજ ગરમ થયા કરતો હોય કે કૂતરું કેમ દેખાયું નહીં. કૂતરાને કારણે બાપાનો મગજ ગરમ જ રહે અને જો આવું બે’ક વર્ષ ચાલે તો બીજા વર્ષના ભાદરવા સુધીમાં હડકવા ઉપડે! (કૂતરાને નહીં પણ બાપાને!)

આ રીતે ઘણા દિવસ સુધી ઉનાળાની ગરમાગરમ બપોરે માંડવા નીચે ખાટલીમાં પડખામાં લાકડી રાખીને બાપા સુતા હોય, બાપાએ પડખામાં રાખેલી લાકડીને માજી જુએ એટલે માજીને ય એ જ લાકડી બાપાના વાસામાં વળગાડવાની ઈચ્છા જાગે. અહીં બાપા ખાટલીમાં સૂતા હોય પણ સૂતા સૂતા જાગતા હોય. ઓશોએ આ અવસ્થાને ‘જાગરણ’કહી છે. આનાથી ઊંચી ‘જાગરણ અવસ્થા’બીજી કોઈ હોઈ ન શકે! એટલે કે બાપા ઉનાળાની બપોરે કાથીની ખાટલીમાં પાગરણ વિના જાગરણ કરી રહ્યા હોય છે અને બાજ નજરે જોઈ રહ્યા હોય કે કૂતરું આવે એટલે પાડી દઉં. પણ આવી સ્થિતીમાં તો કૂતરાને કેસર છાંટીને કંકોતરી મોક્લો તો ય શોભામાં અભિવૃદ્ધિ કરવા ન આવે. આમને આમ (અ)શુભ મૂહૂર્ત વીતી જાય પણ કૂતરું પધારે નહીં, એટલે કલાકે’ક સૂતા પછી કંટાળીને બાપા ગામને ચોરે જાય અને દૂરથી જુએ તો કૂતરું ગામધણીની જેમ પોતાના જ ખાટલામાં બેફિકરાઈથી સૂતું હોય. ઓશો કહે કે ન કહે કૂતરાને તો આવી જાગરણ અવસ્થા સહજ હોય છે.

એટલે બાપાની લાકડીનો છૂટ્ટો ઘા ય ખાટલે પહોંચે એમ ન હોય એટલે કે હજુ તો કુતરૂ બાપાના કવરેજ ક્ષેત્રની બહાર હોય ત્યાં જ ખાટલાનો ત્વરિત ત્યાગ કરી, સ..ન.. ન.. ન.. કરતું કૂદકો મારીને ધૂળ ઉડાડતું બાજોડિયા જાય અને અણધારી દિશામાં અદ્રશ્ય થઈ જાય. બાપાને ખ્યાલ જ ન આવે કે કૂતરું કઈ દિશામાં ગયું! આ રીતે ‘કૂતરાને જતું જોવું’એ જીવનનો એક લ્હાવો હોય છે આવો લ્હાવો જીવનમાં વારંવાર મળતો નથી! (જોનારને અને કૂતરાને બેઉને!) આ રીતે કૂતરું ચોરેથી નાસી જાય પણ બાપાના મગજમાંથી ન જાય. વળી ઉનાળાની ધોમધખતી બપોરે પોબારા ભણી ગયેલા કૂતરાને ગોતવા તો ન જ નીકળાય. તેથી જ અમારા મિત્ર ગોપેશ જોષીએ (કાલાવડવાળાએ) એક બહુ મજાની કહેવત કીધી છે કે ‘ગોતવા ગ્યે ગાંડો ય નથી જડતો!’તો કૂતરું તો ક્યાંથી જડે! વળી કૂતરું કાંઈ સિંહ કે વાઘ નથી કે સૈનિકોનો રસાલો લઈને તેનો શિકાર કરવા નીકળાય. શિકાર માટે પાછા સિંહ વાઘ તો બાપાને અનુકૂળ ન આવે. તેથી ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં એક ઉત્તમ શિકારકથા સર્જાતી નથી. બીજું કે સિંહ વાઘનો શિકાર કરવો હોય તો કુતરાથી શરૂઆત કરો અને પ્રેક્ટિસ કરો તો ધીમે ધીમે હાથ વળે (-ને કાં તો વહેલો મોડો હડકવા ઉપડે.) પણ જો કૂતરાનો શિકાર કરવો હોય તો સિંહ વાઘથી શરૂઆત ન કરાય. નહીં તો કર્તા કે કર્મ બેમાંથી એકેય ન રહે અને કાર્યક્રમમાં પરબારું પૂર્ણવિરામ આવી જાય.

એકવાર બાપા બપોરે ગામને ચોરે લીમડાના છાંયડે આંખો અધખુલ્લી રાખીને કંઈક વિચારતા હોય એવી અવસ્થામાં ખાટલામાં પડ્યા હતા. તેની આગલી રાતે એ જ ચોકમાં આખી રાત ભવાઈનો વેશ ભજવાયો હતો. તેમાં રામાયણના વિવિધ પ્રસંગો ખૂબ જ સરસ અને ભાવપૂર્ણ રીતે ભજવાયા હતા. તેથી આજે બાપાને આવી ચિંતનાત્મક ભૂમિકાએ જોઈને મને થયું કે બાપા સૂતા સૂતા ગઈકાલે ભજવાયેલી રામાયણના અને રામના વિચારો કરતા હશે, એટલે મેં જઈને પૂછ્યું, “શું બાપા, રામના વિચાર કરો છો ને!” બાપા બોલ્યા, “હા, રામના જ વિચાર કરું છું, વિચારું છું કે ઓલું કૂતરું ઘા માં આવે તો એક લાકડીએ એના ‘રામ રમાડી દેવા છે.” ત્યારે મને થયું કે ઠીક, બાપા કરે છે તો રામના જ વિચારો! પછી મેં કુતરા સામે જોયું તો કૂતરું ય વિચારતું’ તું કે ‘રામ રાખે તેને કોણ ચાખે.’

બાપાના ફળિયામાં જ કૂતરાનું અને બાપાનું સ્નેહમિલન ભાગ્યે જ યોજાતું. જો કે જે કાંઈ બે પાંચ વાર યોજાયું. એમાં બે ચાર વાર કૂતરું આવી તો ગયું પણ બાપાને લાકડી જ ન જડી અને લાકડી જડી પછી કૂતરું ન જ જડ્યું. એક વાર લાકડીના અભાવે બાપાએ પોતાના પ્રાચીન પગરખાનો કુતરા પર છૂટ્ટો ઘા કરેલો, પણ કૂતરું ય અનુભવી હતું, એટલે તેણે ઓલમ્પિક કક્ષાનો હાઈજમ્પ માર્યો. જોડો કુતરા નીચેથી જમીન પર ઘસડાતો સ..ર..ર..ર.. કરતોક કુતરાની આગળ નીકળી ગયો. તે સાથે જ કૂતરું જોડો મોઢામાં ઉઠાવીને નાસી ગયું. હવે બાપા પાસે એક જ જોડો વધ્યો. એટલે જ પેલા ફિલ્મ ગીતમાં કહ્યું છે કે ‘દો હંસો કા જોડા બિછડ ગયો રે..!’ હવે વધેલો એક જ જોડો તો કૂતરાને ફટકારવામાં જ કામ આવે પણ પછી એ પગમાં પહેરીને નહીં પણ હાથમાં લઈને નીકળવું પડે!

**જેમ પાણીમાં મગર હોવાથી માછલી તરવાનું છોડી દેતી નથી. એ જ રીતે ફળિયામાં બડિયા હોવાથી કૂતરું ઘૂસવાનું છોડી દેતું નથી. નહીં તો પછી એ ઘૂસણખોરીની કળા નાશ પામે અને હૈયામાં હિંમત હવાઈ જાય**

## ગરમાગરમ

એક ભિખારી એ અમદાવાદીને કહ્યું, “શેઠ બે દિવસથી કંઈ ખાધું નથી. પચાસ રૂપિયા આપોને તો થોડું ઘણું જમી લઉં.”અમદાવાદીએ સો ની નોટ કાઢી અને ભિખારીને કહ્યું, “તારી પાસે પચાસ રૂપિયા છે તો લાવ.”ભિખારી કહે, “હા, છે.”આમ કહીને ભિખારીએ પચાસની નોટ કાઢી તો અમદાવાદી એ કહ્યું, “તો પછી એમાંથી જ જમી લે ને!”